


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 283
Dt.: 19-08-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### અલાસ્કામાં ટ્રમ્પ સાથે થયેલી વાતચીત અંગે ચર્ચા કરી

# પુતિન અને વડાપ્રધાન મોદી વચ્ચે ટેલિફોનિક વાતચીત

### ભારત પહેલેથી જ યુક્રેન સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા હાંકલ કરી રહ્યું છે, આ સંદર્ભમાં અમારો ટેકો રહેશે : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હાલમાં જ ૧૫મી ઓગસ્ટે અલાસ્કામાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને મુલાકાત કરી હતી. આ બેઠકમાં યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા અંગે ચર્ચા કરવામાં આવી.

ટ્રમ્પ સાથે મુલાકાત બાદ પુતિને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ ટેલિફોનિક વાતચીત કરી છે. તથા ટ્રમ્પ સાથે થયેલી વાતચીત મુદ્દે બંને દેશના નેતાઓએ ચર્ચા કરી. વડાપ્રધાન મોદીએ એક્સ પર પોસ્ટ કરી જણાવ્યું, કે ભારત પહેલેથી જ યુક્રેન સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા હાંકલ કરી રહ્યું છે. આ સંદર્ભમાં તમામ પ્રયાસોને અમારો ટેકો રહેશે.



પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, મારા મિત્ર, પ્રમુખ પુતિનને ફોન કૉલ તેમજ અલાસ્કામાં પ્રમુખ ટ્રમ્પ સાથે તેમની તાજેતરની મુલાકાત વિશે માહિતી આપવા બદલ આભાર. ભારત યુક્રેન વિવાદનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા સતત આહ્વાન કરે છે. આ સંદર્ભે તમામ પ્રયાસોનું સમર્થન કરે છે. આગામી દિવસોમાં હું સતત આદાન-પ્રદાનની અપેક્ષા રાખુ છું. બંને નેતાઓએ દ્વિપક્ષીય સહયોગ સાથે જોડાયેલા અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી છે. ભારત-રશિયા વિશેષાધિકાર પ્રાપ્ત કરવાની રાજકીય ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી છે.

અલાસ્કામાં ટ્રમ્પ અને પુતિન સમિટના ત્રણ દિવસ બાદ વડાપ્રધાન મોદી સાથે પુતિને વાતચીત કરી છે. આ સમિટ યુક્રેન યુદ્ધના સીઝફાયર ડીલ વિના જ પૂર્ણ થઈ હતી. આ ફોન કોલ બાદ વડાપ્રધાન મોદીએ ખાતરી આપી હતી કે, ભારત યુક્રેન યુદ્ધનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા ભલામણ કરી રહ્યું છે. શાંતિ મંત્રણા માટે ભારત જરૂરી તમામ પ્રયાસો કરવા અને સમર્થન આપવા તત્પર છે.

વડાપ્રધાન મોદીએ અગાઉ આઠ ઓગસ્ટના રોજ પુતિન સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. તે દરમિયાન પુતિને યુક્રેન સાથે જોડાયેલા વર્તમાન ઘટનાક્રમો વિશે માહિતી આપી હતી. તેમજ ભારતની સ્થાયી નીતિનો પુનરોચ્ચાર કર્યો હતો કે, કોઈ પણ સંઘર્ષનું સમાધઆન શાંતિપૂર્ણ સંવાદ અને વ્યૂહનીતિ દ્વારા જ સંભવ છે. અહેવાલ છે કે, પુતિન આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારા ૨૩માં ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં સામેલ થશે. અગાઉ પુતિન ડિસેમ્બર, ૨૦૨૧માં ભારતની મુલાકાતે આવ્યા હતા.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ ભારતના રશિયા સાથેના ક્રૂડ સહિતના વેપાર સંબંધોમાં તિરાડ પાડવા માટે દબાણ બનાવી રહ્યા છે.

ટ્રમ્પે યુક્રેન યુદ્ધવિરામ માટે રશિયા પર દબાણ લાવવા વિવિધ પ્રયાસો હાથ ધર્યા છે. જેમાં તેમણે હાલમાં જ રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. વધુમાં વેપાર પ્રતિબંધો નહીં મૂકે તો પેનલ્ટી લાદવાની ચીમકી પણ આપી છે. જો કે, ભારતે અમેરિકાની ટેરિફ નીતિ સામે ઝૂકવાનો ઈનકાર કર્યો છે. તે રશિયા સાથે પોતાના સંબંધો વધુ ગાઢ બનાવી રહ્યું છે.

### પાકિસ્તાન ટેન્શનમાં

## પુતિને ભારતને ફાઈટર જેટ, જી-૫૦૦ ડિફેન્સ સિસ્ટમ સહિત અનેક હાઈટેક શસ્ત્રો ઓફર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા સાથે ટેરિફ યુદ્ધ અને વેપાર સંબંધોમાં તણાવ વચ્ચે, રશિયાએ ભારતને અત્યાધુનિક લશ્કરી શસ્ત્રોની ઓફર કરી છે. આ ઓફરમાં મુખ્ય સ્ટીલ્થ વિમાન **Su-57**, લાંબા અંતરની **R-37** મિસાઈલો અને **S-500** હવાઈ સંરક્ષણ પ્રણાલીનો સમાવેશ થાય છે. આ શસ્ત્રો ભારતીય સેના માટે ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે. પુલવામા આતંકવાદી હુમલા પછી થયેલા ભારત-પાકિસ્તાન સંઘર્ષમાં રશિયા પાસેથી ખરીદેલા **S-400** સહિતના શસ્ત્રોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેના પગલે રશિયા ભારતને વધુ શસ્ત્રવ્યવહાર કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે. પાકિસ્તાન માટે આ ઘટના એક મોટો તણાવ પેદા કરી શકે છે.

સુખોઈ **Su-57** ફાઈટર જેટ: આ એક ડબલ-એન્જિન સ્ટીલ્થ મલ્ટીરોલ ફાઈટર એરક્રાફ્ટ છે, જે હવાઈ યુદ્ધ, જમીન અને દરિયાઈ હુમલાઓ માટે સક્ષમ છે. રશિયાનું આ પ્રથમ સ્ટીલ્થ ટેકનોલોજી ધરાવતું એરક્રાફ્ટ છે.

**R-37** મિસાઈલો: આ લાંબા અંતરની હવાથી હવામાં પ્રહાર કરનારી મિસાઈલો છે, જે વિરોધીના વિમાનોને લાંબા અંતરેથી જ નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે.**S-500** એર ડિફેન્સ સિસ્ટમ: **S-500** પ્રોમિથિયસ એ **S-400** અને **A-235** નું અપગ્રેડેડ વર્ઝન છે. રશિયા દાવો કરે છે કે તે અત્યાધુનિક હાઈપરસોનિક શસ્ત્રોને પણ અટકાવવામાં સક્ષમ છે.

સેન્ટર ફોર એનાલિસિસ ઓફ વર્લ્ડ આર્મ્સ ટ્રેડના ડિરેક્ટર ઈગોર કોરોત્ચેકોના જણાવ્યા અનુસાર, આ શસ્ત્રો ભારતીય સેના માટે ક્રાંતિકારી પરિવર્તન સાબિત થઈ શકે છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષમાં ભારતીય સેનાએ રશિયા પાસેથી ખરીદેલા શસ્ત્રોનો અસરકારક ઉપયોગ કર્યો હતો. ખાસ કરીને, રશિયન જી-૪૦૦ હવાઈ સંરક્ષણ પ્રણાલીએ ૨૫૦ કિલોમીટરથી વધુના અંતરે ઉડતા પાકિસ્તાની છઉછઝજી વિમાનને તોડી પાડ્યું હતું. આ સિસ્ટમે પાકિસ્તાની ડ્રોન, મિસાઈલો અને ફાઈટર વિમાનોનું સચોટ સ્થાન પણ પૂરું પાડ્યું હતું. આ પ્રદર્શને રશિયન શસ્ત્રોની વિશ્વસનીયતા સાબિત કરી છે, જેના કારણે રશિયા ભારતને વધુ શસ્ત્રો ખરીદવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે. જોકે, કેટલાક કારણોસર ભારતે હજુ સુધી નવા શસ્ત્રો ખરીદવા અંગે કોઈ અંતિમ નિર્ણય લીધો નથી.

## ચૂંટણી પંચની મુશ્કેલી વધશેઃ વોટ ચોરીના મુદ્દે વિપક્ષ સંસદમાં મહાભિયોગનો પ્રસ્તાવ લાવે તેવી શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિહાર **SIR**માં ગેરરીતિ તેમજ વોટ ચોરીના આરોપો સાથે વિપક્ષ હવે મુખ્ય ચૂંટણી કમિશ્નર વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની વિચારણા કરી રહ્યું છે. વિપક્ષના વિવિધ પક્ષો આ મામલે ચર્ચા કરી રહ્યા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. વિપક્ષ ટૂંક સમયમાં સંસદ ગૃહમાં ચીફ ઈલેક્શન કમિશ્નર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મહાભિયોગની નોટિસ રજૂ કરી શકે છે.વિપક્ષ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વ હેઠળ યોજાયેલી બેઠકમાં **I.N.D.I.A** ગઠબંધનના નેતાઓ આ મામલે નિર્ણય લીધો છે. એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, અમે ટૂંક સમયમાં મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મહાભિયોગનો પ્રસ્તાવ રજૂ કરવા જઈ રહ્યા છીએ. આ અંગે કામગીરી ચાલી રહી છે. ઉલ્લેખનીય છે, કોંગ્રેસ સાંસદ સૈયદ નાસિર હુસૈને આ મામલે પ્રતિક્રિયા આપી હતી કે, આ મામલે પક્ષની અંદર હાલ કોઈ વિચારણા થઈ નથી. જો જરૂર પડી તો નિયમાનુસાર કોંગ્રેસ મહાભિયોગ પ્રસ્તાવ લાવી શકે છે. લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીના ચૂંટણી પંચ પર વોટ ચોરીના ઓરોપો મુદ્દે ચીફ ઈલેકશન કમિશ્નરે ગઈકાલે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે વિપક્ષને અલ્ટીમેટમ આપ્યું હતું કે, કોંગ્રેસ નેતા પોતાના આરોપો દર્શાવતું સોગંદનામું સાત દિવસની અંદર રજૂ કરે અથવા તો દેશ સમક્ષ પોતાના ખોટા આરોપોની માફી માગે.બિહાર વિધાનસભા ચૂંટણીના ચાર મહિના પહેલાં ચૂંટણી પંચ દ્વારા રાજયની મતદારોની યાદીનું વિશેષ ગહન નિરીક્ષણ **(SIR)** હાથ ધરાયુ હતું. જેનો વિપક્ષ વિરોધ કરી રહ્યું છે. આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણી હાથ ધરતાં ચૂંટણી પંચને આદેશ આપ્યો છે કે, તે બિહાર મતદારોની યાદીમાંથી દૂર કરવામાં આવેલા ૬૫ લાખ નામોની યાદી કારણ સાથે જાહેર કરે. સુપ્રીમ કોર્ટે આ યાદી ૧૯ ઑગસ્ટ સુધી જાહેર કરવાનું અલ્ટીમેટમ આપ્યું છે. ભારતીય લોકતંત્રના ત્રણ મહત્ત્વપૂર્ણ સ્તંભ છે. વિધાનસભા, કારોબારી અને ન્યાયતંત્ર. આ ત્રણેય સ્તંભમાં કોઈ દુરાચાર કે અયોગ્યતા જણાય તો તેમની વિરુદ્ધ સાંસદો દ્વારા મહાભિયોગનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવે છે. આ પ્રસ્તાવ રજૂ કરવા માટે ઓછામાં ઓછા ૧૦૦ સાંસદોના હસ્તાક્ષર હોવા જરૂરી છે. રાજ્યસભામાં પ્રસ્તાવ રજૂ કરવા માટે ૫૦ સભ્યોનું સમર્થન જરૂરી છે. આ પ્રસ્તાવ લોકસભામાં સ્પીકર અથવા રાજ્યસભાના સભાપતિને સોંપવામાં આવે છે.

### ઈઝરાયલ ગાઝા પર કબજો કરવાની નજીક

## IDFએ હવાઈ હુમલામાં હમાસના ટોચના કમાન્ડરને ઠાર કરી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝા

તાજેતરમાં ઈઝરાયલે ગાઝાની એ શાળા પર હુમલો કર્યો હતો જ્યાં બેઘર પરિવારોએ આશરો લીધો હતો. આ હુમલામાં ૩૭ લોકો માર્યા ગયા હતા, જેમાં ઘણી મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. ગાઝાની શેરીઓમાં ફક્ત કાટમાળ અને વિનાશ જ દેખાય છે.

ઈઝરાયલી લડાકુ વિમાનોએ હવાઈ હુમલામાં રફા બ્રિગેડના મહત્વપૂર્ણ આતંકવાદી નાસીર મુસાને ઠાર કર્યો હતો. મુસા હમાસના આતંકવાદીઓને તાલીમ આપતો હતો અને ઈઝરાયલમાં ઘણા હુમલાઓનો માસ્ટરમાઈન્ડ પણ હતો. આ ઉપરાંત, ઈઝરાયલી સેનાએ ખાન યુનિસમાં તે ઈમારતને પણ નિશાન બનાવી હતી, જેનો ઉપયોગ હમાસે રોકેટ સંગ્રહ કરવા માટે કર્યો હતો.ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ તેમની સેનાને ગાઝા પટ્ટી પર કબજો કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે. તેમણે કહ્યું છે કે આ યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થશે અને બંધકોને કોઈપણ કિંમતે છોડાવવામાં આવશે. જોકે, વિશ્વના ઘણા દેશો આ કાર્યવાહીને ગાઝાના અંતની નિશાની તરીકે માની રહ્યા છે. તો ઘણા દેશોએ ઈઝરાયલ સામે કાર્યવાહી કરી છે અને પેલેસ્ટાઈન રાજ્યને પણ માન્યતા આપી છે.હાલમાં ગાઝામાં પરિસ્થિતિ ખૂબ જ ભયાનક છે. છેલ્લા બે વર્ષમાં ૬૧,૮૨૭ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે. આ ઉપરાંત ૧,૫૫,૨૭૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં જ ૫૧ લોકોએ જીવ ગુમાવ્યા અને ૩૬૯ ઘાયલ થયા છે.

### જાણી જોઈને બોમ્બ વરસાવ્યા : ઝેલેન્સ્કી

## વ્હાઈટ હાઉસમાં બેઠક પહેલા રશિયાનો યુક્રેન પર ભીષણ હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

વોશિંગ્ટનમાં યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની બેઠક પહેલાં રશિયાએ ફરી એકવાર યુક્રેન પર નિશાન સાધ્યું છે. યુક્રેનના પ્રમુખે પોતે સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી હતી.

ઝેલેન્સ્કીએ એ વીડિયો જાહેર કરતાં લખ્યું હતું કે, વોશિંગ્ટનમાં શાંતિ મુદ્દે ચર્ચા પહેલાં જ રશિયાએ જાણી જોઈને હુમલો કર્યો. અમે પ્રમુખ ટ્રમ્પ સાથે આ મુદ્દે ચર્ચા કરીશું. આ બેઠકમાં યુક્રેન, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઈટલી, ફિનલૅન્ડ, ઈયુ અને નાટોના નેતા સામેલ થશે. પરંતુ રશિયાએ આ બેઠક પહેલાં જ યુક્રેનના ખાર્કિવ, જાપોરિઝ્ઝિયા, સૂમી અને ઓડેસા શહેરો પર હુમલા શરુ કરી દીધા છે. ઘર અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડી રહ્યું છે.

ઝેલેન્સ્કીએ આગળ જણાવ્યું કે, ખાર્કિવમાં ડ્રોન હુમલામાં સાત લોકો માર્યા ગયા છે. જેમાં દોઢ વર્ષની બાળકી પણ સામેલ છે. જાપોરિઝ્ઝિયામાં મિસાઈલ હુમલાથી ત્રણના મોત અને ૨૦ ઘાયલ થયા છે. મારી સંવેદના તમામ પીડિતોના પરિવારજનો અને પ્રિયજનો સાથે છે. ઓડેસામાં એક એનર્જી સેન્ટર પર હુમલો કર્યો છે. જે અઝરબૈજાનની કંપની છે. રશિયા જાણી જોઈને લોકો પર ખાસ કરીને બાળકોને ટાર્ગેટ બનાવી રહ્યું છે.

### GST સુધારા માટે સરકારનો માસ્ટર પ્લાન

## ૩ જ દિવસમાં રજિસ્ટ્રેશન, રિફંડમાં પણ વિલંબ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસના ભાષણમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ **(GST)** નવા સુધારાની વાત કરી છે. તેમણે જાહેરાત કરી કે, આ નવા સુધારા આ દિવાળી પર લાગુ થઈ શકે છે. સરકારે ટેક્સ સ્લેબમાં ફેરફાર કરી તેને સરળ બનાવવા તેમજ ચીજવસ્તુઓ અને સેવાઓ સસ્તી બનાવી લોકોના ખિસ્સા પરથી બોજો ઘટાડવાનો સંકેત આપ્યો છે. જીએસટીના નવા સુધારામાં મહત્ત્વની ત્રણ બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરાઈ છે. આમાં માળખાકીય સુધારા, ટેક્સ રેટ ઘટાડવા અને **GST**ને સરળ બનાવવાનો સમાવેશ થાય છે. પીએમ મોદીએ આ મહત્ત્વની જાહેરાત કર્યા બાદ હવે



નાણામંત્રાલય તરફથી પણ ફાયદાકારક વાત સામે આવી છે. સૂત્રોનું કહેવું છે કે, વેપારીઓ માત્ર ત્રણ દિવસમાં જ જીએસટી રજિસ્ટ્રેશન મેળવી શકશે, મોટાભાગની રિફંડ પ્રક્રિયા ઓટોમેટેટ થઈ શકે તે માટે નાણા મંત્રાલયે પ્રસ્તાવ તૈયાર કર્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ, નાણાં મંત્રાલયના સૂત્રોએ કહ્યું કે, વેપારીઓ માત્ર ત્રણ દિવસની અંદર જીએસટી રજિસ્ટ્રેશન મેળવી શકશે અને ૯૫ ટકા વેપારીઓને માત્ર ત્રણ દિવસમાં રજિસ્ટ્રેશન મંજૂરી મળવાની આશા છે. સૂત્રોએ એમ પણ કહ્યું છે કે, જીએસટી પ્રક્રિયા ઝડપી બનાવવાની સાથે ઈનપુટ ટેક્સ ક્રેડિટ **(ITC)** અને ઈનવર્ટેડ ડ્યૂટી સ્ટ્રક્ચર સંબંધીત રિફંડ ઓટોમેટેડ મળી જાય, તે માટેનો પણ પ્રસ્તાવ તૈયાર કરાયો છે. આ રિફંડ પ્રક્રિયાથી મેન્યુઅલી કામગીરીમાં ઘટાડો થશે અને ડિલિવરીમાં લાગતા સમયમાં પણ ઘટાડો થશે.

નિકાસકારો માટે ઓટોમેટિક રિફંડની સિસ્ટમનો પણ પ્રસ્તાવ છે. મીડિયા રિપોર્ટમાં નાણાં મંત્રાલયને ટાંકીને કહેવાયું છે કે, ઘણી વખત એવું બનતું હતું કે, રિફંડમાં વિલંબ થવાથી અનેક કરદાતાઓ મૂળીની અછતનો સામનો કરી રહ્યા છે. જોકે હવે જીએસટીમાં નવા ફેરફારના કારણે કરદાતાઓની આ ચિંતા દૂર થશે. આ ઉપરાંત રિફંડ ઓટોમેટેટ કરવાથી અને તાત્કાલીક રજિસ્ટ્રેશન સુનિશ્ચિક કરવાની પ્રક્રિયાના કારણે એન્ટરપ્રાઈઝિસનો સમય બચવાની સાથે રોકડ પ્રવાહમાં સુધારો થશે.નાણાં મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા મુજબ, જીએસટી દરોને તર્કસંગત બનાવવા અને અનુપાલનનો બોજ ઘટાડવા એટલે કે ટેક્સની આખી વ્યવસ્થાને વધુ સરળ, સ્પષ્ટ અને કાર્યક્ષમ બનાવવા માટે રચાયેલી મંત્રી જૂથ **(GoM)** જીએસટીમાં નવા ફેરફાર માટેના પ્રસ્તાવને અંતિમ રૂપ આપવા માટે ૨૦-૨૧ ઓગસ્ટે બેઠક યોજશે. ત્યારબાદ તમામ પ્રસ્તાવોને જીએસટી પરિષદ સમક્ષ રજૂ કરાશે.

## GST પર જાહેરાતની અસર, શેરબજારમાં તોફાની તેજી, ૧૧૦૦ પોઈન્ટ ઉછળ્યો સેન્સેક્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે **GST**માં ફેરફાર અંગે કરેલી જાહેરાતની અસર સોમવારે શેરબજારમાં સ્પષ્ટપણે દેખાઈ હતી અને સેન્સેક્સ-નિફ્ટીમાં તોફાન સાથે શરૂઆત થઈ હતી અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (**BSE** સેન્સેક્સ) ના ૩૦ શેરવાળા સેન્સેક્સ ઈન્ડેક્સ ખુલતાની સાથે જ ૧૧૦૦ પોઈન્ટથી વધુ ઉછળ્યો હતો. આ સાથે નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીએ પણ મજબૂતી દર્શાવી હતી અને ખુલતાની સાથે જ ૩૫૦ પોઈન્ટથી વધુ વધીને ૨૫,૦૦૦ના આંકડે પહોંચી ગયો હતો. શરૂઆતના કારોબારમાં મારુતિ, બજાજ ફાઈનાન્સ, મહિન્દ્રા અને મહિન્દ્રા જેવા બેંકિંગ શેરોમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી હતી.

સોમવારે શેરબજારમાં ટ્રેડિંગ શરૂ થતાંની સાથે જ બંને ઈન્ડેક્સ રોકેટની જેમ દોડવા લાગ્યા હતા. **BSE**નો સેન્સેક્સ ૮૧,૩૧૫ પર ખુલ્યો, જે તેના અગાઉના ૮૦,૫૯૭.૬૬ ના બંધથી ઉપર હતો અને પછી અચાનક થોડીવારમાં ૧૧૦૦થી વધુ પોઈન્ટથી વધુ ઉછળ્યો અને ૮૧,૭૧૩.૩૦ના સ્તરે ટ્રેડ થતો જોવા મળ્યો. **NSE**નો નિફ્ટી-૫૦ પણ તેના અગાઉના બંધ ૨૪,૬૩૧.૩૦થી ઉછળીને ૨૪,૯૩૮.૨૦ પર ખુલ્યો અને થોડા જ સમયમાં સેન્સેક્સ સાથે હાથ મિલાવીને તે ૩૫૦ થી વધુ પોઈન્ટના વધારા સાથે ૨૫,૦૦૦.૮૦ ના સ્તરે પહોંચી ગયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટે **GST**માં મોટા ફેરફારોની જાહેરાત કર્યા પછી તેની અસર શેરબજાર પર જોવા મળે તેવી અપેક્ષા હતી અને સોમવારે બજાર ખુલતાની સાથે જ સેન્સેક્સ-નિફ્ટી ઉછળ્યો હતો.




